
ગુજરાત સમાચાર , પાના નંબર :- ૦૨

તારીખ :- ૧૨/૦૧/૨૦૨૬








વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે છે. પ્રવાસના બીજા દિવસે વડાપ્રધાન મોદીએ રાજકોટથી ૧૧ કિ.મી.ના અંતરે મોરબી રોડ પર મારવાડી યુનિવર્સિટીમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજિયન સમિટ- સૌરાષ્ટ્રકચ્છનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે આ પ્રસંગે જણાવ્યું કે, 'ગુજરાતમાં નેચર, એડવેન્ચર,કલ્ચર અને હેરિટેજનું અદ્ભૂત મિશ્રણ છે.' વડાપ્રધાન મોદીએ સોમનાથમાં પૂજા-અર્ચના પણ કરી હતી. સોમનાથમાં શિવપૂજાની અખંડ પરંપરા જાળવવા માટે ભગીરથ પ્રયાસ કરનાર પુણ્યશ્લોકા મહારાણી અહલ્યાબાઈ હોલ્કરને સ્મરણાંજલિ સ્વરૂપે વિશેષ રીતે તૈયાર કરાયેલ મરાઠી પાઘ સોમનાથ મહાદેવને પૂજા કરીને અર્પણ કરવામાં આવી. આ વિશેષ પાઘમાં ૨૧ પીતાંબર તથા ચાંદીના આભૂષણોનો ઉપયોગ કરાયો છે. સોમનાથ બાદ સાંજે ગાંધીનગર આવીને તેઓએ મહાત્મા મંદિર, સેક્ટર-૨૪, સેક્ટર-૧૬, જૂના સચિવાલય, અક્ષરધામ, સચિવાલય, સેક્ટર-૧૦ એમ કુલ ૭ મેટ્રો રેલ સ્ટેશનનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.